# SYNOPSIS

## શોધનિબંધની રૂ પ રે ખા

### " સરોજ પાઠકનું કથાસાહિત્ય :

### આધુનિક ગુજરાતી કથાસાહિત્યના સંદર્ભમાં "

Saroj Pathak's Fiction : in the context of Modern Gujarati Fiction

o

ગુજરાતી કથાસાહિત્ય – નવલકથા અને ટૂંકીવાર્તા – વિવિધ સ્થિત્યંતરોમાંથી પસાર થયું છે પણ એના મુખ્ય અને મોટા બે ખંડો વિશેષ ધ્યાનપાત્ર છે. : (૧) પૂર્વ આધુનિક અને (૨) આધુનિક તથા આધુનિકોત્તર. માત્ર સમયભેદ નહીં પણ કલા-સાહિત્યની આમૂલ બદલાયેલી વિભાવના અને એવું જ આમૂલ પરિવર્તન પામેલું સંવેદનજગત આ બે ખંડોની મહત્ત્વની વિભેદકરેખા છે.

વીસમી સદીનો છઠ્ઠો દાયકો આ નવા સ્થિત્યંતરનો – આધુનિક સાહિત્યનો – પ્રારંભકાળ છે. આ પ્રારંભકાળ સુરેશ જોશીના સર્જન-વિવેચનથી બલકે એમની સમગ્ર સાહિત્યપ્રતિભાથી અંકિત થયેલો છે. સુરેશ જોશીના સમકાલીન અને તરતના અનુકાલીન સાહિત્યસર્જકો'આધુનિકતા'નો સમાન સંદર્ભ ધરાવતા હોવા ઉપરાંત, જે શક્તિમંત હતા તે, વિભિન્ન નિજી મુદ્રાઓ ધરાવનારા પણ હતા.

સરોજ પાઠક આ પૈકીનાં એક વિલક્ષણ અને શક્તિમંત સર્જક હતાં એટલે એમના કથાસાહિત્યસર્જનને નિજી વિશેષોના સંદર્ભમાં તેમજ સમકાલીન સાહિત્યપ્રવાહના સંદર્ભમાં તપાસવાં જરૂર લાગવાથી આ શોધકાર્ય મેં હાથ ધર્યું છે.

સર્જકકેન્દ્રી અભ્યાસ એકાંગી અને એકપાર્શ્વી ન બની રહે એ માટે સરોજ પાઠકની વાર્તા-નવલકથા-સૃષ્ટિની તપાસની સાથે જ કથાસાહિત્યનાં આ બંને સ્વરૂપોની બદલાતી વિભાવનાઓના ઇતિહાસને પણ એની અંતર્ગત તપાસવાનું રાખ્યું છે.

'સરોજ પાઠકનું કથાસાહિત્ય : ગુજરાતી કથાસાહિત્યના પરિપ્રેક્ષ્યમાં' -- એ શીર્ષક

હેઠળ કરેલા આ શોધકાર્યને પાંચ પ્રકરણોમાં વિભાજિત કરીને રજૂ કરેલું છે.

<u>પ્રકરણ : ૧ સાતમા-આઠમા દાયકાનું ગુજરાતી કથાસાહિત્ય : વિહંગાવલોકન</u>

આ પ્રકરણમાં ટૂંકીવાર્તા અને નવલકથાની બે દૃષ્ટિએ ફેરવિચારણા કરી છે. (૧) પરંપરાગત કથાસાહિત્ય સંદર્ભે અને (૨) આધુનિક કથાસાહિત્ય સંદર્ભે. પરંપરાગત વાર્તાસ્વરૂપમાં ટૂંકીવાર્તાના ઉદ્ભવ અને કાળક્રમે તેના વિકાસના તબક્કાઓ દર્શાવ્યા છે. પરંપરિત ઘટનાકેન્દ્રી વાર્તાસ્વરૂપની આધુનિક લક્ષણો પ્રગટાવતા વાર્તાસ્વરૂપ સુધીની વિકાસયાત્રાનો આલેખ આપ્યો છે. બીજી બાજુ આધુનિક વાર્તાસ્વરૂપમાં જોવા મળતી નવી કળાવિભાવનાની સિદ્ધિ અને રચનાપ્રયુક્તિનાં ધોરણોનાં સ્થિત્યંતરો તેમજ સમાજકેન્દ્રીતાથી વ્યક્તિકેન્દ્રીતા અને 'જીવન ખાતર કલા'ની વિચારણાથી 'કલા ખાતર કલા' સુધી પહોંચતી ગુજરાતી વાર્તાની વિકાસરેખાને આધુનિક કલાગત મૂલ્યોના સંદર્ભે તપાસવાનો અભિગમ રાખ્યો છે. એ જ રીતે નવલકથાના સ્વરૂપની પણ પરપરાગત સ્વરૂપ અને આધુનિક સ્વરૂપ સંદર્ભે વિચારણા કરી છે.

<u>પ્રકરણ ૨. સરોજ પાઠક : જીવનસંદર્ભ અને લેખનકાર્યનો આરંભ</u>

સરોજ પાઠકના જીવનને ઘડનારાં પરિબળો અને તેની તેમના સર્જનકાર્યમાં જોવામ મળતી પ્રભાવકતા વિગતે ચર્ચી છે. સર્જકનાં જન્મ, ઉછેર, સંઘર્ષ આસપાસનું વાતાવરણ અને સાહિત્યમાં તેમના પ્રવેશની વિગતોને તેમના લેખનકાર્ય સાથે સાંકળી સર્જકના જીવન અને સર્જનને તપાસ્યું છે.

<u>પ્રકરણ : ૩. સરોજ પાઠકની સર્જનયાત્રાના વિવિધ તબક્કા</u>

વાર્તાકાર સરોજ પાઠક અને નવલકથાકાર સરોજ પાઠકના સર્જનની વિકાસક ભૂમિકાનો સમીક્ષાત્મક અભ્યાસ અહીં રજૂ કર્યો છે.

'વાર્તાકાર સરોજ પાઠકની વિકાસક ભૂમિકા' વિભાગમાં ગુજરાતી ટૂંકી વાર્તામાં આધુનિકતાનાં લક્ષણો પ્રગટાવતી ભૂમિકા (૧૯૫૬)થી માંડીને સરોજ પાઠકના વાર્તાસર્જનનાં ત્રીસ વર્ષ (૧૮૪૮થી ૧૮૮૦) સુધીની વિકાસરેખા દર્શાવી છે. જેમાં આ સમયગાળા દરમ્યાન સરોજ પાઠક પાસેથી મળતા કુલ સાત વાર્તાસંગ્રહોની

મહત્ત્વની નીવડેલી અને કલાદૃષ્ટિએ નવોન્મેષ ધરાવતી નોંધપાત્ર વાર્તાઓની આધુનિક સાહિત્યિક મૂલ્યોના અનુલક્ષમાં ફેરવિચારણા કરી છે.

એજ રીતે 'નવલકથાકાર સરોજ પાઠકની વિકાસક ભૂમિકા' વિભાગમાં નવલકથાકાર તરીકે સરોજ પાઠકે સર કરેલાં સિદ્ધિસોપાનોની તપાસ અને તારણો રજૂ કર્યાં છે. સર્જકની ઇ.સ. ૧૯૫૯માં પ્રગટ થયેલી પ્રથમ નવલકથા 'નાઇટમૅર' અને ઇ.સ. ૧૯૮૪માં(મરણોત્તર) પ્રગટ થયેલી નવલકથા 'મન નામે મહાસાગર' સુધીની સાત નવલકથાઓની સર્જનયાત્રમાં મળતી કુલ સાત નવલકથાઓનો વિગતે આલેખ આપ્યો છે. આમ આ પ્રકરણમાં વાર્તાકાર અને નવલકથાકાર સરોજ પાઠકની સર્જનયાત્રના વિવિધ તબક્કાઓને વિગતવાર મૂકી આપ્યા છે.

<u>પ્રકરણ : ૪ સરોજ પાઠકના કથાસાહિત્યના વિશેષો</u>

સરોજ પાઠકના સમગ્ર કથાસર્જનના વિશેષોને વસ્તુસંકલના, કથનકેન્દ્ર, ચરિત્રચિત્રણ, મનોવૈજ્ઞાનિક અભિગમ અને નારીવાદ શીર્ષકો હેઠળ તપાસ્યા છે, ને એમ સરોજ પાઠકના કથાસાહિત્યનું સામગ્રી અને સ્વરૂપલક્ષી વિગતે વિશ્લેષણ પણ કર્યું છે. એમના પ્રત્યેક વાર્તાસંગ્રહની નોંધપાત્ર વાર્તાઓની ઉપર જણાવેલા સાહિત્યવિશેષોના સંદર્ભે તલસ્પર્શી સમીક્ષા કરી છે. એ જ રીતે તેમની સાત નવલકથાઓની પણ આ સાહિત્યવિશેષોને સંદર્ભે સમીક્ષાત્મક મૂલવણી કરી છે.

<u>પ્રકરણ - ૫. સમાપન.</u>

આ શોધપ્રબંધના ઉપસંહારમાં આગળનાં ચાર પ્રકરણોમાં સમાવિષ્ટ સમગ્ર કથાસાહિત્યની વિવેચનાત્મક સમીક્ષામાંથી નિપેજેલાં વસ્તુલક્ષી તારણો મૂક્યાં છે. સરોજ પાઠકની આધુનિક સર્જક તરીકેની સિદ્ધિ અને મર્યાદાને સાંપ્રત સાહિત્યના સંદર્ભે તારવી આપી છે.

૦

આ શોધપ્રબંધમાં દરેક પ્રકરણને અંતે જે તે પ્રકરણમાં ખપમાં લીધેલા સંદર્ભોની નોંધ આપી છે. શોધપ્રબંધને અંતે સંદર્ભગ્રંથોની વર્ણક્રમાનુસાર સૂચિ આપવામાં આવી છે.

૦ ૦ ૦